# ઈરાને વર્લ્ડકપની શરૂઆત ન્યૂઝીલેન્ડ સામે ડ્રો સાથે કરી

## ફિફા વર્લ્ડકપમાં શરૂઆતની ટીમમાં રમનાર સરપ્રીત ભારતીય મૂળનો પ્રથમ ખેલાડી

**બે દિવસ** પહેલા ઓસ્ટ્રેલિયા વતી રમનાર વેલુપિલ્લાઇ શરૂઆતમાં નહીં પણ સબસ્ટીટ્યૂટ તરીકે રમ્યો હતો



નવી દિલ્હી, તા. 16 : ન્યુઝીલેન્ડનો મિડફિલ્ડર સરપ્રીત સિંહ વર્લ્ડકપ મેચમાં શરૂઆતની પ્લેઇંગ ટીમમાં રમનારો ભારતીય મૂળનો પ્રથમ ફૂટબોલર બન્યો છે. ઈરાન સામેની 2-2ની ડ્રોમાં સરપ્રીત ન્યુઝીલેન્ડની શરૂઆતની પ્લેઇંગ ટીમનો ભાગ હતો. ઓકલેન્ડમાં પંજાબી માતાપિતાના ઘરે જન્મેલા, 27 વર્ષીય સરપ્રીતે આ મેચથી વર્લ્ડકપમાં પ્રવેશ કર્યો અને તેના પ્રદર્શનથી પ્રભાવિત કર્યા. ન્યુઝીલેન્ડના મુખ્ય કોચ ડેરેન બીઝલીએ તેને શરૂઆતની ટીમમાં સામેલ કર્યો, અને તે લગભગ આખી મેચ રમ્યો. 90મી મિનિટે તેની જગ્યાએ એક સબસ્ટીટ્યૂટ ખેલાડીને લેવામાં આવ્યો. ૧૦ નંબરની જર્સી પહેરીને, સરપ્રીતે ઈરાની ગોલ પર ત્રણ શોટ લીધા, પરંતુ તે ઈરાની ગોલકીપરને હરાવી શક્યો નહીં.

બે દિવસ પહેલા, ઓસ્ટ્રેલિયા માટે રમતા ભારતીય મૂળના અન્ય ખેલાડી નિશાન વેલુપિલ્લાઈએ કેનેડાના વાનકુવરમાં તુર્કી સામેની તેમની ટીમની 2-0થી જીત સાથે વર્લ્ડ કપમાં પ્રવેશ કર્યો હતો. 25 વર્ષીય વિંગરને શરૂઆતના અગિયારમાં સામેલ કરવામાં આવ્યો ન હતો અને 60મી મિનિટે અવેજી ખેલાડી તરીકે મેદાનમાં ઉતર્યો હતો.

**એલિજાહ** જસ્ટે બે વાર ન્યુઝીલેન્ડને આગળ કર્યું પણ ઇરાને બંને વાર વાપસી કરી મેચ 2-2થી ડ્રો કરી

ઈંગલવુડ, તા. 16 (એપી) : ફિફા વર્લ્ડકપના ગ્રુપ જીની અહીં રમાયેલી એક મેચમાં અમેરિકા સાથેના યુદ્ધને કારણે તણાવપૂર્ણ પરિસ્થિતિઓમાં રમવા ઉતરેલા ઈરાને બે વાર પાછળ રહ્યા પછી વાપસી કરીને મેચ 2-2થી ડ્રો કરીને ન્યુઝીલેન્ડને વિજયથી વંચિત રાખ્યું હતું.

રાજકીય પરિસ્થિતિઓને કારણે, ઈરાની ટીમ વર્લ્ડકપ માટે અપેક્ષિત તૈયારીઓ કરી શકી ન હતી, પરંતુ તેના ખેલાડીઓએ પોતાનો ઉત્સાહ અને જુસ્સો જાળવી રાખીને 64મી મિનિટે મોહમ્મદ મોહેબીના ગોલથી બરાબરી કરી.

બંને હાફની શરૂઆતમાં ન્યુઝીલેન્ડ માટે એલિજાહ જસ્ટ 7મી અને 54મી મિનિટે ગોલ કર્યો, પરંતુ ઈરાને બે ગોલ કરીને ઓલ વ્હાઇટ્સને વર્લ્ડકપ ઇતિહાસમાં તેમની પ્રથમ જીતથી વંચિત રાખ્યું. રમીન રેઝાઈયાને 32મી મિનિટે ઈરાનનો પહેલો ગોલ કર્યો અને પછી 64મી મિનિટે મોહેબીના ગોલમાં સહાયકની ભૂમિકા ભજવી.

ન્યૂઝીલેન્ડે સારું પ્રદર્શન કર્યું, છેલ્લા બે વર્લ્ડકપમાં કરેલા કુલ ગોલની બરાબરી કરી, ફિફા રેન્કિંગમાં 65 સ્થાન ઉપર રહેલી ટીમ સામે શાનદાર પ્રદર્શન કર્યું. સાતમી મિનિટમાં ન્યૂઝીલેન્ડના કેપ્ટન ક્રિસ વુડે ગોલ કિકને બ્લોક કરીને બોલ જસ્ટને પાસ કર્યો, જેણે ઘણા ડિફેન્ડર્સને ચાતરીને સુંદર ગોલ કરી બધાને અચરજ પમાડ્યું હતું. 32મી મિનિટે રેઝાઈયાને ગોલ કરીને ઈરાને બરાબરી કરી. 54મી મિનિટે વુડની મદદથી ફરી ગોલ કર્યો. વુડે જસ્ટને શાનદાર પાસ આપ્યો અને તેણે ગોલમાં રૂપાંતરિત કરવામાં કોઈ ભૂલ કરી નહીં. પરંતુ ઈરાને 64મી મિનિટે રેઝાઈયાનના લાંબા પાસ પર મોહેબીએ હેડ કરીને બરાબરી કરી.

ત્યારબાદ બંને ટીમોને ગોલ કરવાની તક મળી પરંતુ તેનો લાભ લેવામાં નિષ્ફળ રહ્યા. ઈરાન સતત સાતમી વખત વર્લ્ડ કપમાં ભાગ લઈ રહ્યું છે જ્યારે ન્યુઝીલેન્ડ 2010 પછી પહેલી વાર વર્લ્ડકપ માટે ક્વોલિફાય થયું છે.



### યુદ્ધના કારણે અપૂરતી તૈયારી સાથે ઇરાન વર્લ્ડકપમાં ભાગ લેવા ઉતર્યું

28 ફેબ્રુઆરીના રોજ અમેરિકા અને ઇઝરાયલે ઇરાન પર હુમલો કર્યા પછી, ઇરાનની ટીમ વર્લ્ડ કપ માટે પૂરતી તૈયારી કરી શકી નહીં. ટુર્નામેન્ટ દરમિયાન ઈરાને પોતાનો તાલીમ આધાર એરિઝોનાથી તિજુઆના, મેક્સિકો ખસેડ્યો. ટીમ દરેક મેચના એક દિવસ પહેલા યુનાઇટેડ સ્ટેટ્સ પહોંચે છે અને પછી તરત જ મેક્સિકો પરત ફરે છે. કેપ્ટન મેહદી તારેમીએ સ્વીકાર્યું કે આ વર્લ્ડ કપનો અનુભવ તેના અને તેના સાથી ખેલાડીઓ માટે સુખદ રહ્યો નથી.

### વિદેશી ઇરાનીઓએ રાષ્ટ્રગીત દરમિયાન મેદાન તરફ પીઠ ફેરવી

ઈરાને લોસ એન્જલસ નજીક સોફી સ્ટેડિયમમાં સમર્થકોની મોટી ભીડ સામે ટુર્નામેન્ટની શરૂઆત કરી, જે નોંધપાત્ર ઈરાની-અમેરિકન વસ્તી ધરાવતું શહેર છે. સેંકડો ઈરાની અમેરિકનોએ સ્ટેડિયમની બહાર વિરોધ પ્રદર્શન કર્યું, જ્યારે ઘણા વિદેશી ઈરાનીઓએ રાષ્ટ્રગીત દરમિયાન મેદાન તરફ પીઠ ફેરવી લીધી. પરંતુ એકવાર મેચ શરૂ થઈ, લગભગ દરેક જણ ઈરાની ખેલાડીઓને ટેકો આપતા જોવા મળ્યા.

## મેચ બાદ ઈરાનની ટીમને તાત્કાલિક અમેરિકા છોડવા આદેશ : કોચનો દાવો



ઈંગલવુડ, તા. 16 : ઈરાનની વર્લ્ડ કપ ટીમના કોચે જણાવ્યું છે કે, સોમવારે રાત્રે ન્યૂઝીલેન્ડ સામે 2-2થી રોમાંચક ડ્રો સાથે પોતાના રાજકીય તણાવથી ભરેલા અભિયાનની શરૂઆત કર્યાના ગણતરીના કલાકોમાં જ તેમની ટીમને અમેરિકા છોડીને મેક્સિકોમાં આવેલા તેમના ટ્રેનિંગ બેઝ પર પાછા ફરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. કોચ અમીર ઘાલેનોઈ એ સ્પષ્ટ નથી કર્યું કે ઈરાનની ટીમને નિર્ધારિત સમય કરતાં વહેલા જવાનો આદેશ કોણે આપ્યો હતો. ટીમ પોતાની પ્રથમ મેચ પછી ખેલાડીઓના શારીરિક રિકવરીની સામાન્ય પ્રક્રિયા માટે કેલિફોર્નિયામાં રાત વિતાવવાની અપેક્ષા રાખતી હતી. પરંતુ મેચ પૂરી થતાં જ તેમને કહેવામાં આવ્યું કે દરેક સભ્યએ તાત્કાલિક પ્લેનમાં બેસીને 140 માઈલ દૂર તિજુઆના (મેક્સિકો) જવા રવાના થવું પડશે. દુભાષિયા દ્વારા વાત કરતા ઘાલેનોઈએ કહ્યું, તેમણે અમને રિકવરી માટેનો સમય પણ ન આપ્યો. ઈરાનના કેપ્ટન મેહદી તારેમીએ જણાવ્યું કે, રવિવારે તિજુઆનાથી લોસ એન્જલસ સુધીની સામાન્ય રીતે ખૂબ જ ટૂંકી મુસાફરી દરમિયાન ટીમે પાંચ કલાક સુધી પ્રવાસ અને કડક સિક્યુરિટી ચેકિંગનો સામનો કરવો પડ્યો હતો.

# આર્જેન્ટીના ટાઇટલ ડિફેન્ડ કરવાનું અભિયાન આજથી આરંભશે

**અલ્જેરિયા** સામેની પોતાની પ્રથમ મેચમાં આર્જેન્ટિના મજબૂત શરૂઆત કરવા માગશે

| ફિફા વર્લ્ડકપમાં આજે રમાનારી મેચ | | |
|---|---|---|
| **હરીફ ટીમો** | **તારીખ** | **સમય** |
| આર્જેન્ટીના vs અલ્જીરીયા | 17 જૂન | સવારે 6.30 |
| ઓસ્ટ્રિયા vs જોર્ડન | 17 જૂન | સવારે 9.30 |
| પોર્ટુગલ vs કોંગો ડીઆર | 17 જૂન | રાત્રે 10.30 વાગ્યે |
| ઈંગ્લેન્ડ vs ક્રોએશિયા | 17 જૂન | રાત્રે 1.30 |

કેન્સાસ સિટી, તા. 16 : લિયોનલ મેસીની ટીમ આર્જેન્ટીના આવતીકાલે બુધવારે સવારે 6.30 વાગ્યે અહીં અલ્જીરિયા સામે પોતાની પ્રથમ મેચ રમવા ઉતરીને પોતાના ટાઇટલ ડિફેન્ડ અભિયાનનો આંરભ કરશે, ત્યારે બધાની નજર મેસી પર જ હશે, કે જે આર્જેન્ટીના વતી પોતાની 200મી મેચ રમશે.

આર્જેન્ટિનાના કોચ લિયોનેલ સ્કેલોની જાણે છે કે વર્લ્ડ કપ ટૂર્નામેન્ટના પ્રથમ મેચના પરિણામથી કંઇ નક્કી નથી થતું અને તેમની ટીમે ચાર વર્ષ પહેલા આ સાબિત કરી દીધું હતું. પરંતુ એનો અર્થ એ નથી કે ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિના 2022 ના અભિયાનની શરૂઆત કતારમાં સાઉદી અરેબિયા સામેની જેમ કરવા માંગે છે, જ્યાં તેઓએ તેમની પહેલી મેચ હાર્યા બાદ શાનદાર વાપસી કરી હતી.

સ્કેલોનીએ અલ્જેરિયા સામે આર્જેન્ટિનાના 2026 વર્લ્ડ કપ ઓપનર મેચના એક દિવસ પહેલા કહ્યું કે અમારી પાસે અગાઉના વર્લ્ડ કપનો અનુભવ છે, તેથી આ પહેલી મેચ નિર્ણાયક નથી. મારો મતલબ છે કે, તે મહત્વપૂર્ણ છે, પરંતુ તેનો અર્થ એ નથી કે પહેલી મેચ જ બધું છે.

અત્યાર સુધીના ઈતિહાસમાં ઈટાલીએ 1938માં અને બ્રાઝિલે 1962માં એમ ફક્ત બે દેશોએ જ પોતાના વર્લ્ડકપ ટાઇટલનો બચાવ કર્યો છે. આનો અર્થ એ થયો કે છેલ્લા 64 વર્ષથી કોઈ પણ ટીમ પોતાના ટાઇટલનો બચાવ કરી શકી નથી, અને આ આર્જેન્ટિના અને તેના સ્ટાર ખેલાડી લિયોનેલ મેસી માટે એક મહત્વપૂર્ણ પડકાર હશે. જોકે, આર્જેન્ટિના ઈતિહાસ રચવા માટે કટિબદ્ધ છે.

## ઐતિહાસિક વર્લ્ડકપ ડેબ્યૂ પછી કેપ વર્ડે ઉજવણીમાં ડૂબ્યું



પ્રેયા, કેપ વર્ડે તા. 16 : યુરોપિયન ચેમ્પિયન સ્પેનને પોતાના ઐતિહાસિક વર્લ્ડકપ ડેબ્યૂમાં ડ્રો પર રોક્યા બાદ કેપ વર્ડેના ચાહકોએ મોડી રાત સુધી ઉજવણી કરી. પાંચ લાખની વસ્તી ધરાવતા આ નાના દેશે સોમવારે વર્લ્ડકપમાં પ્રવેશ કર્યો અને સ્પેન જેવા દિગ્ગજ દેશને ગોલ રહિત ડ્રો પર રોકીને બધાને આશ્ચર્યચકિત કરી દીધા. રાજધાની પ્રેયામાં, ફૂટબોલ ચાહકો મોડી રાત સુધી નાચતા અને ગાતા રસ્તાઓ પર ઉમટી પડ્યા. લોકોએ એકબીજાને ભેટી પડ્યા અને અભિનંદન આપ્યા, ખુશીના આંસુ રોકી રાખ્યા. લોકો ઉજવણી કરવા માટે થાંભલા પર પણ ચઢી ગયા. કેપ વર્ડે ભલે જીતી ન શક્યું હોય, પરંતુ તેમના પ્રદર્શને ટીકાકારોને ચૂપ કરી દીધા, જેમને ડર હતો કે આ વર્ષે 32 ને બદલે 48 ટીમો હોવાથી ટુર્નામેન્ટ નબળી પડશે. આફ્રિકાના પશ્ચિમ કિનારે સ્થિત, પાંચ લાખની વસ્તી ધરાવતો આ દેશ વર્લ્ડ કપ માટે ક્વોલિફાય થનાર ત્રીજો સૌથી નાનો દેશ છે.

# લુકાકુ-ડિ બ્રુયને તકો વેડફતા બેલ્જિયમ અને ઈજિપ્તની મેચ ડ્રો

**ઇજીપ્તના** મહંમદ હાનીને અથડાઇને થયેલો આત્મઘાતિ ગોલ બેલ્જિયમને હારતા બચાવી ગયો



સિએટલ, તા. 16 : ફિફા વર્લ્ડકપમાં અહીં રમાયેલી એક મેચમાં ઈજીપ્ત સામે બેલ્જિયમ હારતા બચ્યું હતું અને જો ઈજીપ્ત વતી આત્મઘાતિ ગોલ ન થયો હોત તો આ મેચ બેલ્જિયમ 0-1થી ગુમાવી બેઠું હોત.

બેલ્જિયમના સ્ટ્રાઇકર રોમેલુ લુકાકુ જ્યારે બીજા હાફમાં સબસ્ટિટ્યુટ તરીકે મેદાનમાં આવ્યો, ત્યારે સ્ટેડિયમમાં હાજર બેલ્જિયમના થોડા ચાહકોએ ઊભા થઈને તાળીઓથી તેનું સ્વાગત કર્યું. ચાહકોની આ આશાભરી ખુશીને ભારે ઉત્સાહમાં બદલાતા માત્ર 23 સેકન્ડનો સમય લાગ્યો. લુકાકુના મેદાનમાં આવતાની સાથે જ બેલ્જિયમે આક્રમણ કર્યું અને એક શોટ ઈજિપ્તના ખેલાડીને અથડાઈને નેટમાં જતાં એક રીતે એ આત્મઘાતિ ગોલ બેલ્જિયમનો ઈજિપ્ત સામે એકમાત્ર ગોલ હતો. આ ગોલની મદદથી બેલ્જિયમે વર્લ્ડકપની પોતાની પ્રથમ મેચ 1-1થી ડ્રો કરી.

66,775 દર્શકોની હાજરીમાં રમાયેલી ગ્રુપ-જીની આ મેચમાં 19મી મિનિટે જ ઈમામ આશૂરે પોતાનો પહેલો ઈન્ટરનેશનલ ગોલ કરતાં ઈજિપ્તે શરૂઆતમાં જ સરસાઇ મેળવી લીધી હતી. જો બીજા હાફમાં લુકાકુનએ પ્રભાવ ન પાડ્યો હોત તો આ મેચ બેલ્જિયમે ગુમાવી જ હોત. 66મી મિનિટે મેદાનમાં આવેલા લુકાકુ ક્રોસ પાસને ધકેલવા આગળ વધ્યો પણ પહેલાથી ત્યાં પહોંચેલા ઈજિપ્તના ડિફેન્ડર મોહમ્મદ હાની સાથે બોલ અથડાઈને નેટમાં જતા આત્મઘાતિ ગોલ થતાં સ્કોર બરાબરી પર આવ્યો.

આ પહેલા મિડફિલ્ડર કેવિન ડી બ્રુયન બેલ્જિયમ માટે ગોલ કરવાની સૌથી નજીક પહોંચ્યો હતો. સાતમી મિનિટે તેનો શૉટ ડાબી બાજુથી બહાર નીકળી ગયો અને 53મી મિનિટે તેનો બીજો શૉટ ડાબી બાજુના પોસ્ટ સાથે અથડાયો હતો. લુકાકુ પણ મેચના અંતિમ ભાગમાં બેલ્જિયમને લીડ અપાવી શક્યો હોત, પરંતુ તેનો હેડર ગોલ પોસ્ટની ઘણો ઉપરથી નીકળી ગયો.

# મેક્સીના ગોલથી ઉરુગ્વેએ સાઉદી અરેબિયા સામેની મેચ ડ્રો કરી

**સાઉદી** અરેબિયાના ગોલકીપર અલ ઓવેસે ઉરુગ્વેના ખેલાડીઓના ઘણા પ્રયાસોને બચાવ્યા



મિયામી ગાર્ડન્સ, 16 જૂન (એપી) : ફિફા વર્લ્ડકપમાં સોમવારે મોડી રાત્રે અહીં રમાયેલી એક મેચમાં સાઉદી અરેબિયાએ મર્યાદિત બોલ નિયંત્રણ રાખીને સરસાઇ લીધા પછી ઉરુગ્વેએ મેક્સી અરાઉજોના મોડા ગોલની મદદથી મેચ 1-1થી ડ્રો કરી હતી. સાઉદી અરેબિયા માટે અબ્દુલ્લાહ અલ આમરીએ 41મી મિનિટે રિબાઉન્ડથી ગોલ કર્યો, જ્યારે ઉરુગ્વેના મેક્સીએ 80મી મિનિટે બરાબરી કરતો ગોલ કર્યો હતો.

બીજા હાફના મોટાભાગના સમય દરમિયાન ઉરુગ્વેએ ગોલ પર કબજો જાળવી રાખ્યો હતો, પરંતુ સાઉદી અરેબિયાના ડિફેન્સે કેટલાક સારા બચાવ કર્યા હતા. અંતે, મેક્સીએ ગોલકીપર મોહમ્મદ અલ-ઓવૈસને છકવીને રિબાઉન્ડમાં ગોલ કર્યો હતો. લા સેલેસ્ટે (ઉરુગ્વે) એ બોલ પર વધુ સારો કબજો જાળવી રાખ્યો.

અલ આમ્રીએ સાઉદી અરેબિયાને લીડ અપાવીને ઉરુગ્વેના ચાહકોને આઘાત આપ્યો હતો. શરૂઆતમાં ઉરુગ્વેના ફર્નાન્ડો મુસ્લેરાએ તેના શોટને બ્લોક કર્યો હતો. જોકે, મુસ્લેરાએ બોલ પરનો કાબુ ગુમાવી દેતા અલ આમરીએ ચપળતાથી રિબાઉન્ડ પર ગોલ કરીને પોતાની ટીમને સરસાઇ અપાવી હતી. સાઉદી અરેબિયાએ ચાર વર્ષ પહેલાં લિયોનલ મેસીની આર્જેન્ટિનાને 2-1થી હરાવીને વર્લ્ડ કપમાં પોતાનો સૌથી મોટો વિજય મેળવ્યો હતો અને ફરી એકવાર અહીં બીજી દક્ષિણ અમેરિકન ટીમને હરાવવાની સ્થિતિમાં આવી ગયું હતું.

ઉરુગ્વે પાસે ગોલ કરવાની ઘણી તકો હતી. અલ ઓવૈસે પહેલા હાફમાં ફેડેરિકો વિનાસના હેડરને નજીકથી રોક્યો.

ત્યારબાદ તેણે 61મી મિનિટમાં મેન્યુઅલ ઉગાર્ટે અને સ્ટોપેજ સમયમાં ફેડેરિકો વાલ્વર્ડેના પ્રયાસોને બચાવ્યા. ફિફા પ્રમુખ ગિયાની ઈન્ફન્ટિનો, મિયામી હીટ સ્ટાર બામ અદેબાયો, ભૂતપૂર્વ NFL સ્ટાર ચાડ ઓચોસિન્કો અને ઉરુગ્વેના સ્ટાર ફૂટબોલર લુઈસ સુઆરેઝ પણ મેચ જોવા માટે પહોંચ્યા હતા.

# મહિલા વર્લ્ડકપ : ભારત નેધરલેન્ડ્સ સામે બેટિંગની ધાર તિક્ષ્ણ કરવા માગશે

**સાંજે** સાત વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર



લીડ્સ, તા. 16 (પીટીઆઈ) : મહિલા ટી-20 વર્લ્ડકપમાં પોતાની પ્રથમ મેચમાં પાકિસ્તાન સામે શાનદાર જીતથી ઉત્સાહિત ભારતીય ટીમ આવતીકાલે બુધવારે અહીં નેધરલેન્ડ્સ સામેની બીજી ગ્રુપ મેચમાં વધુ સારું બેટિંગ પ્રદર્શન કરવાનો પ્રયાસ કરશે. પાકિસ્તાન સામેની પહેલી મેચમાં, સ્મૃતિ મંધાનાએ ટોપ ઓર્ડરમાં સારી બેટિંગ કરી હતી અને ઋચા ઘોષે નીચલા ઓર્ડરમાં સારી બેટિંગ કરી હતી, જેના કારણે ભારત 64 રનથી જીતવામાં સફળ રહ્યું હતું.

ઓપનર શેફાલી વર્મા અને કેપ્ટન હરમનપ્રીત કૌર સહિત બાકીના બેટ્સમેન અપેક્ષા મુજબ પ્રદર્શન કરવામાં નિષ્ફળ ગયા. ભારતી ફુલમાલી મિડલ ઓર્ડરમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, પરંતુ તે પહેલી મેચમાં પોતાનું ખાતું ખોલવામાં નિષ્ફળ રહી. ભારતને ટુર્નામેન્ટમાં વધુ મુશ્કેલ મેચોનો સામનો કરવો પડશે, તેથી તેની બેટિંગમાં સાતત્ય ખૂબ જ મહત્વપૂર્ણ છે. ભારતને નેધરલેન્ડ્સ તરફથી કોઈ મોટા પડકારનો સામનો કરવો પડે તેવી શક્યતા નથી.

## ટાઈમની 100 સૌથી પ્રભાવશાળી ખેલાડીઓની યાદીમાં મંધાના એકમાત્ર ભારતીય

ન્યૂ યોર્ક, તા. 16 (પીટીઆઈ) : ભારતીય મહિલા ક્રિકેટ ટીમની વાઇસ કેપ્ટન સ્મૃતિ મંધાનાને આ વર્ષે ટાઈમ મેગેઝિનના રમતગમતના 100 સૌથી પ્રભાવશાળી વ્યક્તિઓમાં સ્થાન આપવામાં આવ્યું છે, તે આ યાદીમાં સ્થાન મેળવનારી એકમાત્ર ભારતીય બની છે. આ યાદીમાં અમેરિકન બાસ્કેટબોલ દિગ્ગજ લેબ્રોન જેમ્સ, ફૂટબોલ સ્ટાર લિયોનેલ મેસી, ક્રિસ્ટિયાનો રોનાલ્ડો, ચીની-અમેરિકન સ્કીઅર ઈલીન ગુ, ટેનિસ સ્ટાર કાર્લોસ અલ્કારાઝ, બાસ્કેટબોલ ખેલાડી વિક્ટર વેમ્બન્યામા, દિગ્ગજ ગોલ્ફર રોરી મેકઈલરોય, દક્ષિણ આફ્રિકાના ક્રિકેટ કેપ્ટન ટેમ્બા બાવુમા જેવા રમતના સુપરસ્ટારનો સમાવેશ થાય છે. ભારતીય મહિલા રાષ્ટ્રીય ટીમની વાઈસ કેપ્ટન 29 વર્ષીય મંધાના આ વિશિષ્ટ ક્લબનો ભાગ છે.

# મહિલા ટી-20 વર્લ્ડકપ : શ્રીલંકાએ ન્યુઝીલેન્ડને હરાવ્યું



**151 રનના** લક્ષ્યાંક સામે ટોપ ઓર્ડરના પતન પછી નીલક્ષિકા અને નુથ્યાંગનાની ભાગીદારીએ શ્રીલંકાને જીતાડ્યું

સાઉથમ્પ્ટન, તા. 16 : મહિલા ટી-20 વર્લ્ડકપમાં આજે મંગળવારે અહીં રમાયેલી એક મેચમાં શ્રીલંકાએ ન્યૂઝીલેન્ડની કેપ્ટન મેલી કેર અને સોફી ડિવાઈનના શાનદાર પ્રદર્શન છતાં, તેમને છ વિકેટે 150 રન સુધી સિમિત રાખ્યા પછી પોતાના ટોપ ઓર્ડરના પતન છતાં નિલક્ષિકા ડિ સિલ્વા અને કૌશિની નુથ્યાંગનાની નોટઆઉટ ભાગીદારીની મદદથી બે બોલ બાકી રાખીને પાંચ વિકેટે જીત મેળવી હતી. ન્યૂઝીલેન્ડની આ ટૂર્નામેન્ટમાં આ બીજી હાર હતી.

મેલીએ 36 બોલમાં પાંચ ચોગ્ગાની મદદથી 45 રન બનાવ્યા, જ્યારે ડિવાઈને 30 બોલમાં ચાર ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી 45 રન બનાવ્યા. બંનેએ ત્રીજી વિકેટ માટે 43 રન પણ ઉમેર્યા. મેલી અને ડિવાઈન સિવાય, ન્યુઝીલેન્ડની અન્ય કોઇ બેટર 20 રનનો આંકડો પણ સ્પર્શી શકી નહોતી. લક્ષ્યાંક આંબવા ઉતરેલી શ્રીલંકન ટીમે 55 રનમાં ચાર વિકેટ ગુમાવી હતી, ત્યારે નીલક્ષિકા ક્રીઝ પર આવી હતી. તેણે પહેલા કવિશા દિલહારી સાથે 50 રનની ભાગીદારી કરીને ઈનિંગને સ્થિર કરી અને તે પછી નૃત્યાંગના સાથે 28 બોલમાં 48 રનની નોટઆઉટ ભાગીદારી કરીને ટીમને જીત અપાવી.

## જાપાનને હરાવીને ભારતીય મહિલાઓ નેશન્સ કપની સેમીમાં



ઓકલેન્ડ, તા. 16 (પીટીઆઈ) : કેપ્ટન સલીમા ટેટે અને લાલરેમસિયામીના ગોલની મદદથી ભારતીય મહિલા હોકી ટીમે મંગળવારે અહીં જાપાનને 2-1થી હરાવીને FIH નેશન્સ કપની સેમી ફાઈનલમાં પોતાનું સ્થાન પાક્કું કરી લીધું. ટુર્નામેન્ટમાં આ ભારતનો બીજો વિજય હતો, તેણે પોતાની પહેલી મેચમાં અમેરિકાને હરાવ્યું હતું. ભારતની સતત બીજી જીતથી તેમના છ પોઈન્ટ થયા છે અને અંતિમ ચારમાં તેમનું સ્થાન નિશ્ચિત થયું છે. ત્રીજા ક્વાર્ટરમાં ભારતે ફોરવર્ડ્સના સતત દબાણ છતાં 33મી મિનિટે સલીમા ટેટેના ગોલથી શરૂઆત કરી હતી. જોકે, ભારતની સરસાઇ લાંબો સમય ટકી શકી નહીં કારણ કે બે મિનિટ પછી જાપાને એઈ હિરામિત્સુના ગોલથી બરાબરી કરી દીધી. તે પછી લાલરેમસિયામીએ 49મી મિનિટે નિર્ણાયક ગોલ કર્યો. જાપાને અંતિમ ક્ષણોમાં આક્રમક રમત રમી, પરંતુ ભારતે તેમના હુમલાઓને નિષ્ફળ બનાવી દીધા અને વિજય મેળવ્યો.

# આજે બીજી વનડે કુલદીપ, જયસ્વાલને તક મળી શકે

**વોશિંગ્ટન** સુંદર બીજી વન ડે પણ રમશે તેથી હર્ષ દુબેના સ્થાને કુલદીપનો સમાવેશ થઇ શકે

**બપોરે** 1.30થી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર



લખનૌ, તા. 16 (પીટીઆઈ) : ભારતીય ટીમ મેનેજમેન્ટ આગામી વર્ષે યોજાનાર વનડે વર્લ્ડકપને ધ્યાનમાં રાખીને અલગ અલગ સંયોજનો અજમાવવા માંગે છે અને તેથી આવતીકાલે બુધવારે અહીં રમાનારી અફઘાનિસ્તાન સામેની બીજી વનડેમાં કુલદીપ યાદવ અને યશસ્વી જયસ્વાલને રમવાની તક મળી શકે છે.

ધર્મશાલામાં વરસાદથી પ્રભાવિત મેચમાં આસાન જીત મેળવ્યા બાદ ભારતે ત્રણ મેચની સીરિઝમાં 1-0થી સરસાઇ મેળવી લીધી છે, અને બીજી મેચમાં જીત તેમને અજેય સરસાઇ અપાવશે. જોકે, ભારતીય ટીમ તેનાથી આગળ જોઈ રહી છે. ભારતે વર્લ્ડકપ પહેલા લગભગ બે ડઝન મેચ રમવાની છે, અને ટીમ મેનેજમેન્ટે પહેલાથી જ સ્પષ્ટ કરી દીધું છે કે તે વિવિધ સંયોજનો અજમાવશે. આ સંદર્ભમાં અફઘાનિસ્તાન સામેની વર્તમાન સીરિઝ મહત્વપૂર્ણ છે.

કુલદીપનું તાજેતરનું ફોર્મ સારું રહ્યું નથી, પરંતુ તેના અનુભવને જોતાં, તેને તક આપી શકાય છે કારણ કે તે મધ્ય ઓવરોમાં રમત પર નિયંત્રણ જાળવી રાખવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. ડાબોડી સ્પિનર દક્ષિણ આફ્રિકા અને ન્યુઝીલેન્ડ સામેની ઘરઆંગણે શ્રેણીમાં નિ યમિતપણે રમ્યો હતો, પરંતુ ત્યારથી તેનું ફોર્મ ઘટ્યું છે. મુખ્ય કોચ ગૌતમ ગંભીર બહુમુખી પ્રતિભા ધરાવતા ક્રિકેટરોને પ્રાથમિકતા આપે છે. તેઓ ઓલરાઉન્ડરોની બેટિંગ ક્ષમતાઓ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે, અને તેથી, સ્પિન ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદરનો ટીમમાં સમાવેશ નિશ્ચિત છે. આનો અર્થ એ થયો કે કુલદીપ હર્ષ દુબેનું સ્થાન લઈ શકે છે.